પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૨૯ | ૧૯ જુલાઈ, ૨૦૨૨, મંગળવાર; અષાઢ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દ્રૌપદી (મહા)ભારતના સર્વોચ્ચપદે બિરાજશે

## દેશના રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ૯૯.૧૮ ટકા મતદાન, ૨૧મીએ પરિણામ : ૭૩૬માંથી ૭૩૦ સાંસદોએ મત આપ્યો, ૬ સાંસદોએ મતાધિકારનો પ્રયોગ કર્યો નથી, અનેક સ્થળે ક્રોસ વોટિંગ

નવી દિલ્હી, તા.૧૮

રાષ્ટ્રપતિ પદ માટે આજે યોજાયેલ મતદાનમાં સ્પષ્ટ વર્તાઈ રહ્યું છે કે, ૬૧ ટકાથી વધુ મતો મેળવી એનડીએના ઉમેદવાર દ્રૌપદી મુર્મુ નિશ્ચિત પણે દેશના સર્વોચ્ચપદે બિરાજમાન થશે. આદિવાસી મહિલા દેશના સર્વોચ્ચપદે બિરાજમાન થવાનું ઈતિહાસમાં પહેલી ઘટના છે. અને એટલે જ તેમનો વિજય ઐતિહાસિક ગણાશે.

દેશને ૨૧ જુલાઈએ નવા રાષ્ટ્રપતિ મળવાના છે. આજે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં યોજાયેલું મતદાન પૂર્ણ થઈ ગયું છે. સવારે ૧૦ કલાકે મતદાનની શરૂઆત થઈ હતી અને સાંજે ૫ કલાકે મતદાન પૂર્ણ થયું છે. આ દરમિયાન ૭૩૬માંથી ૭૩૦ સાંસદોએ પોતાનો મત આપ્યો છે. સાંસદોનું મતદાન ૯૯.૧૮ ટકા થયું છે. તો ૬ સાંસદોએ પોતાના મતાધિકારનો પ્રયોગ કર્યો નથી. નોંધનીય છે કે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં એનડીએ ઉમેદવાર દ્રૌપદી મુર્મૂ અને સંયુક્ત વિપક્ષના ઉમેદવાર યશવંત સિન્હા વચ્ચે ટક્કર છે. પરંતુ સમર્થન જોતા દ્રૌપદી મુર્મૂની જીત નક્કી માનવામાં આવી રહી છે. રાષ્ટ્રપતિની ચૂંટણીનું પરિણામ ૨૧ જુલાઈએ જાહેર કરવામાં આવશે. ૨૫ જુલાઈએ નવા રાષ્ટ્રપતિ શપથ લેશે.










રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ગુજરાતમાં ગાંધીનગર ખાતે પ્રથમ ક્રોસ વોટિંગ થયું હતું. કુતિયાણાના ધારાસભ્ય કાંધલ જાડેજા ભાજપને સમર્થન આપતા જોવા મળ્યાં છે. જેથી દ્રૌપદી મુર્મૂના જીતની આશા પ્રબળ બની છે. ખુદ કાંધલ જાડેજાએ ક્રોસ વોટિંગનો સ્વીકાર કર્યો છે. એનસીપીના આદેશને અવગણીને આ જાહેરાત તેમણે કરી છે. એનસીપીએ એ કોંગ્રેસનુ સહયોગી દળ છે, ત્યારે કાંધેલ જાડેજાનુ ક્રોસ વોટિંગ અનેક સવાલો પેદા કરે છે. યુપીમાં સપાના બરેલીના ભોજીપુરા એમએલએ શહઝીલ ઈસ્લામે રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ક્રોસ વોટિંગ કર્યુ છે.

તેમણે એનડીએના ઉમેદવાર દ્રૌપદી મુર્મૂને મત આપ્યો છે. ઓડિશાથી કોંગ્રેસ ધારાસભ્ય મોહમ્મદ મુકીમે દાવો કર્યો છે કે, તેમણે એનડીએના ઉમેદવાર દ્રૌપદી મુર્મૂને મત આપ્યો છે. એઆઈયુડીએફના ધારાસભ્ય કરીમુદીન બરભુઈયાએ દાવો કર્યો છે કે, કોંગ્રેસના ધારાસભ્યોએ આસામમાં ક્રોસ વોટિંગ કર્યુ છે.

# એમપીમાં નર્મદા નદીમાં બસ ખાબકતાં ૧૬નાં મોત

### મધ્ય પ્રદેશના ખરગોન જિલ્લામાં એક મોટી દુર્ઘટના : સ્થાનિક તંત્ર દ્વારા રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું, બસને ક્રેન દ્વારા નદીમાંથી બહાર કાઢી લેવામાં આવી

ખરગોન, તા.૧૮

મધ્ય પ્રદેશના ખરગોન જિલ્લામાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. ખરગોન અને ધાર જિલ્લાની સરહદ પર નર્મદા નદીમાં એક બસ ખાબકી હતી. નર્મદા નદીમાં બસ ખાબકતા ૧૬ મુસાફરનાં મોત થયા હોવાના રિપોર્ટ પણ સામે આવ્યા છે. બનાવની જાણ થતાં જ તંત્રના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા. જે બાદ સ્થાનિક તંત્ર દ્વારા રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. સીએમ શિવરાજ સિંહ ચૌહાણ પણ આ ઘટનાને લઈને માહિતી મેળવી રહ્યા છે. સીએમઓ દ્વારા એવી પણ માહિતી જાહેર કરવામાં આવી છે કે, બસને ક્રેન દ્વારા નદીમાંથી બહાર કાઢી લેવામાં આવી છે. પ્રાપ્ત મીડિયા રિપોર્ટ મુજબ, નદીમાંથી ૧૬ મૃતદેહ પણ બહાર કાઢવામાં આવ્યા છે.

તંત્ર દ્વારા એવું કહેવામાં આવ્યું છે કે, આ દુર્ઘટનામાં ૧૬ મુસાફરોનાં કરુણ મોત નીપજ્યાં છે. સાથે જ ૧૫ મુસાફરોને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરીને બહાર કાઢવામાં આવ્યા છે. આ દુર્ઘટના ખલઘાટના સંજય સેતુ પર સર્જાઈ હતી. મધ્ય પ્રદેશના ગૃહ મંત્રી નરોત્તમ મિશ્રાએ આ દુર્ઘટનાની પુષ્ટિ કરી છે. મધ્ય પ્રદેશના ગૃહ મંત્રી નરોત્તમ મિશ્રાએ કહ્યું કે, આ બસ મહારાષ્ટ્ર રોડવેઝની છે. બસ ઈન્દોરથી પૂણે જઈ રહી હતી.



# શ્રીલંકામાં ફરી એક વખત કટોકટી જાહેર કરવામાં આવી

### શ્રીલંકાની સ્થિતિ વણસી : કાયદો, વ્યવસ્થા તથા જરૂરી ચીજ-વસ્તુઓની સુચારૂ આપૂર્તિ માટે ૧૮મી જુલાઈથી ઈમરજન્સી લાગુ કરાઈ

કોલંબો, તા.૧૮

આર્થિક અને રાજકીય સંકટનો સામનો કરી રહેલા શ્રીલંકાની સ્થિતિ ખૂબ જ વણસી રહી છે. આ કારણે શ્રીલંકામાં આજથી ફરી એક વખત ઈમરજન્સી લાગુ કરી દેવામાં આવી છે. કાર્યવાહક રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેએ સ્ટેટ ઈમરજન્સી માટે આદેશ આપ્યો છે.

આદેશમાં કહેવામાં આવ્યું છે કે, આર્થિક સંકટને ધ્યાનમાં રાખીને કાયદો, વ્યવસ્થા તથા જરૂરી ચીજ-વસ્તુઓની સુચારૂ આપૂર્તિ માટે ૧૮મી જુલાઈથી ઈમરજન્સી લાગુ કરવામાં આવી રહી છે. અગાઉ ૧૩ જુલાઈના રોજ તત્કાલીન રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે વિરૂદ્ધ ભારે જનાક્રોશ અને પ્રદર્શનોને પગલે ઈમરજન્સી લાગુ કરવામાં આવી હતી.

રાજપક્ષે દેશ છોડીને ભાગી ગયા ત્યાર બાદ વિક્રમસિંઘેને કાર્યવાહક રાષ્ટ્રપતિ બનાવવામાં

● અનુસંધાન પાન-૭ પર

# જીએસટીના નવા દર અમલી : મોંઘવારી વધશે

### ૨૫ કિલોથી વધુ વજનના લોટ, ચોખા કે અન્ય પર જીએસટી નહીં : લોટ-ચોખાના ૧૦-૧૦ કિલોના ૩ પેકેટ હોય તો કુલ વજન ૩૦ કિગ્રા થવા છતાં પણ પેકેટ અલગ હોવાના કારણે ગ્રાહકે જીએસટી ચૂકવવો પડશે પડશે

નવી દિલ્હી, તા.૧૮

જીએસટી કાઉન્સિલના નિર્ણય પ્રમાણે આજથી એટલે કે, ૧૮મી જુલાઈથી લોટ, દહીં, પનીર, હોસ્પિટલના રૂમ સહિતના અનેક ઉત્પાદનો અને સેવાઓ ઉપર ૫ ટકા જીએસટી લાગુ થઈ ગયો છે. આ કારણે આજથી આ વસ્તુઓની કિંમતોમાં પણ ફેરફાર જોવા મળશે. કેન્દ્રીય અપ્રત્યક્ષ કર અને સીમા શુલ્ક બોર્ડ (સીબીઆઈસી)એ જીએસટીનો નવો નિયમ લાગુ થયો તેના એક દિવસ પહેલા નોટિફિકેશન બહાર પાડીને કેટલીક સ્પષ્ટતાઓ પણ કરી છે. બોર્ડના કહેવા પ્રમાણે જીએસટીના ક્ષેત્રમાંથી બહાર રહેલા આ ઉત્પાદનો અને સેવાઓને હવે જીએસટીમાં આવરી લેવામાં આવ્યા છે. જોકે કેટલાક નિયમો હજુ પણ આ ઉત્પાદનોને જીએસટીના ક્ષેત્રમાંથી બહાર રાખી શકશે. સીબીઆઈસીએ ગ્રાહકોને જીએસટી ભર્યા વગર આ વસ્તુઓ ખરીદવા માટેનો રસ્તો બતાવ્યો છે. તેમાં કેટલીક પ્રી-પેક્ડ પ્રોડક્ટ્સ છે જે પહેલેથી જ પેકિંગમાં આવે છે.

સીબીઆઈસીના કહેવા પ્રમાણે ૨૫ કિગ્રા સુધીનું વજન ધરાવતા લોટ, દાળ, ચોખા કે કોઈ પણ અનાજના સિંગલ પેકિંગને લેબલ્ડ પ્રોડક્ટ માનવામાં આવશે અને તેના ઉપર ૫ ટકા જીએસટી લાગુ થશે. અત્યાર સુધી આ વસ્તુઓમાં ટેક્સ છૂટ મળતી હતી.

પરંતુ ૨૫ કિગ્રાથી વધારે વજન ધરાવતા લોટ, ચોખા કે અન્ય સામગ્રીના પેકેટ પર કોઈ જ જીએસટી નહીં લાગે. લોકોની ચિંતામાં થઈ રહેલા વધારાને ધ્યાનમાં રાખીને સરકારે પ્રી-પેક્ડ અને લેબલ્ડ કોમોડિટીની કેટેગરી અંગે સ્પષ્ટતા કરી છે. સરકારે જણાવ્યું છે કે, ૨૫ કિગ્રાથી વધારે વજનના લોટ, ચોખા, દાળ કે અન્ય અનાજના પેકેટને આ કેટેગરીમાં નહીં ગણવામાં આવે. આ કારણે આ પ્રકારના પેકેટ પર કોઈ જ જીએસટી નહીં લાગે.

સરળતાથી સમજીએ તો છૂટક વેચાણ માટેની ૨૫ કિગ્રા વજનની લોટની થેલી કે બોરી ઉપર ૫ ટકા જીએસટી લાગશે અને ગ્રાહકે તે મુજબ પૈસા ચુકવવા પડશે. પરંતુ જો ગ્રાહક લોટની ૩૦ કિગ્રા વજનની બોરી કે પેકેટ ખરીદશે તો તેના પર કોઈ જ જીએસટી નહીં લાગે.

પરંતુ જો કોઈ પ્રોડક્ટનું વજન ૨૫ કિગ્રાથી વધારે છે પણ તે સિંગલ પેકમાં નથી તો પણ ૫ ટકાનો જીએસટી ચુકવવો પડશે. મતલબ કે, ૧૦-૧૦ કિલોના ૩ પેકેટ હોય તો કુલ વજન ૩૦ કિગ્રા થવા છતાં પણ પેકેટ અલગ હોવાના કારણે જીએસટી ભરવો પડશે.

**કઈ વસ્તુઓ સસ્તી થશે**

- રોપવેથી લોકોના પરિવહન પરનો ટેક્સ ૧૮ ટકાથી ઘટીને ૫ ટકા થશે.
- ઓસ્ટોમી એપ્લાયન્સિસ પરનો ટેક્સ ૫ ટકા થશે.
- ડીઝલનો ખર્ચ સામેલ હોય તે રીતે ટ્રક અથવા ગુડ્સ કેરિયર ભાડે આપવા પર ૧૮ ટકાના બદલે ૧૨ ટકા ટેક્સ લાગશે.
- નોર્થ ઈસ્ટના રાજ્યોમાં હવાઈમાર્ગે પેસેન્જરોને લઈ જવા પર જીએસટીમાં માફી મળશે. જોકે, આ માફી માત્ર ઈકોનોમી ક્લાસ પૂરતી મર્યાદિત હશે.
- બેટરી પેક સાથેના અથવા બેટરી પેક વગરના ઈલેક્ટ્રિક વ્હીકલ્સ પર ૫ ટકાના રાહત દરે જીએસટીલાગુ થશે.

**કઈ ચીજો મોંઘી થશે**

- પ્રિ-પેક્ડ અને લેબલ્ડ ફૂડ આઈટમ પર ૫ ટકા જીએસટીલાગશે. ઉદા. લોટ, પનીર અને દહીં.
- રૂ. ૫,૦૦૦થી વધારે ભાડું ધરાવતા હોસ્પિટલ રૂમ પર ૫ ટકા જીએસટી.
- નકશા અને ચાર્ટ પર ૧૨ ટકા જીએસટીલાગશે. તેમાં એટલાસ પણ સામેલ છે.
- ટેટ્રા પેક પર ૧૮ ટકા જીએસટી લાગશે.
- બેન્કો જે ચેકબૂક ઈશ્યૂ કરે તેના પર પણ ૧૮ ટકા જીએસટી
- પ્રિન્ટિંગ, રાઈટિંગ, ડ્રોઈંગ ઈન્ક જેવી પ્રોડક્ટ, કટિંગ બ્લેડ સાથેના ચપ્પુ, પેપર કાપવાના ચપ્પુ, પેન્સિલ છોલવાના સંચા, એલઈડીલેમ્પ, ડ્રોઈંગ અને માર્કિંગ ઈન્સ્ટ્રૂમેન્ટ પર ૧૨ ટકાના બદલે ૧૮ ટકા જીએસટીલાગશે.
- સોલર વોટર હીટર પર હાલમાં ૫ ટકા જીએસટી છે જે વધીને ૧૨ ટકા થયો.
- રોડ, પુલ, રેલવે, મેટ્રો, ગંદા પાણીના ટ્રીટમેન્ટ માટેના પ્લાન્ટ, સ્મશાનગૃહ પર પણ ૧૨ ટકાના બદલે ૧૮ ટકા જીએસટીલાગશે.
- ઈલેક્ટ્રિક પંપ (મુખ્યત્વે પાણી કાઢવા માટે વપરાતા હોય), ડીપ ટ્યુબવેલ ટર્બાઈન પંપ, સબમર્સિબલ પંપ, સાયકલ પંપ પર ૧૮ ટકા જીએસટીરહેશે.
- અનાજની સફાઈ, કઠોળનું ગ્રેડિંગ, બીજના ઉપયોગમાટે મશીનો, ઘંટી ઉદ્યોગ અથવા અનાજ પ્રક્રિયા માટે મશીનરી, પવન ચક્કી, હવા આધારિત લોટ ચક્કી, વેટ ગ્રાઈન્ડર પર ૧૮ ટકા જીએસટી
- ઈંડા, ફળ અથવા અન્ય કૃષિ ઉત્પાદનો અને તેની સફાઈ, વર્ગીકરણ અથવા ગ્રેડિંગ માટે વપરાતા મશીનો પર પણ ૧૮ ટકાનો દર રહેશે.

# રામદાસ કદમનું શિવસેનામાંથી રાજીનામું

મુંબઈ, તા.૧૮

શિવસેના પ્રમુખ અને મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને પાર્ટીના એક નેતાએ મોટો ઝટકો આપ્યો છે. શિવસેનાના લીડર રામદાસ કદમે શિવસેનામાંથી રાજીનામું આપી દીધું છે.તેઓ ઉદ્ધવ ઠાકરેના જૂથમાં હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, એકનાથ શિંદેના નેતૃત્વમાં શિવસેનાના વિધાનસભ્યોના બળવા બાદ ઉદ્ધવ ઠાકરે પાસેથી મુખ્યમંત્રી પદ છીનવી લેવામાં આવ્યું હતું.

આ રાજીનામું એવા સમયે સામે આવ્યું છે જ્યારે ઉદ્ધવ ઠાકરેએ સમગ્ર મહારાષ્ટ્રમાં મોટાપાયે નવા પદાધિકારીઓની નિમણૂક કરી છે. તેમણે મુંબઈ, પાલઘર, યવતમાલ, અમરાવતી સહિત અન્ય અનેક જિલ્લાઓમાં ૧૦૦થી વધુ પદાધિકારીઓની નિમણૂક કરી છે.


## અંતરના આશીર્વાદ



CA કરન વિનોદ માનિક
(ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પરીક્ષામાં ઉત્તિર્ણ થવા બદલ
અમારા અંતરના ઉમળકા સાથે
અઢળક આશીર્વાદ...
બેટા... તારી આ સિદ્ધિ બદલ
સમગ્ર પરિવાર ગૌરવ અનુભવે છે.

CA વિનોદ માનિક
સ્વ. પ્રિયા વિનોદ માનિક

-● શુભેચ્છા સહ ●-

**વિનોદ એમ. માનિક એન્ડ એસોસિએટ્સ**
(ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ)
પ્લોટ નં. ૮૬૦, પ્રથમ માળ, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર,
સેક્ટર-૨૧, ગાંધીનગર
સ્વ. પ્રિયા વિનોદ માનિક
CA વિનોદ માનિક - ૯૮૨૫૦ ૪૮૫૨૬
CA કરણ માનિક - ૯૪૦૯૧ ૭૦૦૬૭
રત્ના માનિક - ૯૫૫૮૪ ૧૧૪૮૦


# સિક્કીમ પોલીસ જવાને સાથીઓ ઉપર ગોળીબાર કરતાં ૩નાં મોત

### પાટનગર દિલ્હીની ચોંકાવનારી ઘટના : એક જવાન ઘાયલ, ફાઇરિંગ કરનાર આરોપીની ધરપકડ

નવી દિલ્હી, તા.૧૮

રાજધાની દિલ્હીના રોહિણી વિસ્તારમાં આંતરિક મતભેદના કારણે સિક્કિમ પોલિસના જવાને પોતાના જ ૩ જવાનો પર ગોળીબાર કર્યો હતો. જેમાં ઘટનાસ્થળે જ ૨ જવાનોના મોત થઈ ગયા હતા. જેમાંથી ૧ ઘાયલ થયો હતો, જેને આંબેડકર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તેનું પણ મોત થઈ ગયું છે. ત્રણ જવાનો સામે ફાઈરિંગ કરનાર આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે. આ પહેલાં પણ ૧૬ જુલાઈના રોજ જમ્મુ-કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં એક કેમ્પમાં આઈટીબીપીના એક જવાને તેના ત્રણ સાથીઓ પર ગોળીબાર કર્યો હતો. પોતાની જાતને પણ ગોળી મારી. આ ઘટનાને આટીબીપી કોન્સ્ટેબલ ભૂપેન્દ્ર સિંહે અંજામ આપ્યો હતો. તેણે પોતાના સાથીઓને ગોળી મારતાં એક હેડ કોન્સ્ટેબલ અને ૨ કોન્સ્ટેબલ ઘાયલ થયા હતા. આ ઘટના બાદ કોન્સ્ટેબલ સિંહે ઈન્સાસ સર્વિસ રાઈફલથી પોતાની જાતને ગોળી મારી દીધી અને તેમનું ઘટનાસ્થળે જ મોત થયુ હતુ.

## શ્રી રાજપૂત સમાજ તથા જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર

ગાંધીનગર શહેર અને ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજના સૌ ભાઈઓ અને બહેનોને જણાવવાનું કે, સને ૨૦૨૧-૨૨ના વર્ષમાં ઉત્તિર્ણ થયેલા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ તથા વિશિષ્ટ સિદ્ધ મેળવનાર રાજપૂત ભાઈઓ-બહેનોને સ્માનવાનો કાર્યક્રમ તારીખ : ૨૮/૮/૨૦૨૨ને રવિવારના રોજ બપોરે ૨-૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

આ માટે ધોરણ - ૧ થી ૧૨ (૮૦% થી વધુ માર્ક્સ) સ્નાતક અને અનુસ્નાતક (૬૦% થી વધુ માર્ક્સ) મેળવનાર વિદ્યાર્થીઓએ માર્કશીટની ઝેરોક્ષ તા. ૧૪/૮/૨૦૨૨ સુધીમાં રાજપૂત સમાજ ભવન, સેક્ટર-૧૨ ખાતે પહોંચાડવા વિનંતી

| | |
|---|---|
| **પ્રદિપસિંહ બિહોલા**<br>મહામંત્રી<br>રાજપૂત સમાજ, ગાંધીનગર | **વિક્રમસિંહ ગોલ**<br>પ્રમુખ<br>રાજપૂત સમાજ, ગાંધીનગર |
| **ભરતસિંહ બી. બિહોલા**<br>મહામંત્રી<br>જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ | **ડો. શંકરસિંહ આર. રાણા**<br>પ્રમુખ<br>જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ |